# ધી જૂનાગઢ જીલ્લા સહકારી બેન્ક લિ., જૂનાગઢ

મુખ્ય કચેરી, "શ્રી લીલાભાઈ સીદીભાઈ ખુંટી સહકાર ભવન", બસ સ્ટેશન સામે, જૂનાગઢ ૩૬૨ ૦૦૧.


ક્રમાંક : બ્રાન્ચીઝ/૪/૫૮/

જુનાગઢ.

તા.:- ૦૧/૧૨/૨૦૧૬

પ્રતિ,

શ્રી બ્રાંચ મેનેજર / બ્રાંચ એકાઉન્ટન્ટ,

....................... શાખા.

**વિષય : તા. ૦૩/૧૨/૨૦૧૬ થી બેંકમાં સ્વીકારવામાં આવતી થાપણ પરના ચુકવવાના વ્યાજના દર બાબત.**

જયભારત સાથ જણાવવાનું કે, રીઝર્વ બેંક ઓફ ઈન્ડીયા ના નિયમો અને સુચનાઓને આધિન રહીને બોર્ડ ઓફ ડીરેકટર્સની એકઝીકયુટીવ કમીટીની બેઠકમાં લેવાયેલ નિર્ણય અનુસાર પ્રવર્તમાન અન્ય નાણાંકીય સંસ્થાઓના દર અને આપણી બેંકના ચાલુ વ્યાજ દરને ધ્યાને રાખી **તા. ૦૩/૧૨/૨૦૧૬** ના રોજથી બેંકમાં સ્વીકારવામાં આવતી કે રીન્યુઅલ કરવામાં આવતી વિવિધ થાપણોના વ્યાજદરમાં ફેરફાર કરેલ છે. જે નીચે મુજબના વ્યાજના દર અને શરતોને આધિન રહી સ્વીકારવા અને **તા. ૦૩/૧૨/૨૦૧૬** થી અમલ કરવા જણાવવામાં આવે છે જેની નોંધ લેશો.

| અ.નં. | થાપણનો પ્રકાર | તા.૦૩/૧૨/૨૦૧૬ થી અમલ કરવાનો વ્યાજનો દર |
|---|---|---|
| ૧ | **બચત ખાતા** | **૪.૦૦%** |
| ૨ | **કોલ થાપણ (ફકત મંડળીઓ માટે)** | **૪.૦૦%** |
| ૩ | **બાંધી મુદત થાપણ** | |
| | (૧) ૩૦ દિવસ થી ૪૫ દિવસ સુધી | **૫.૦૦%** |
| | (૨) ૪૬ દિવસ થી ૯૦ દિવસ સુધી | **૫.૫૦%** |
| | (૩) ૯૧ દિવસ થી ૧૭૯ દિવસ સુધી | **૫.૭૫%** |
| | (૪) ૧૮૦ દિવસ થી ૩૬૪ દિવસ સુધી | **૬.૦૦%** |
| | (૫) ૧ વર્ષ કે તેથી વધુ ૨ વર્ષની અંદર | **૭.૦૦%** |
| | (૬) ૨ વર્ષ થી વધુ ૫ વર્ષની અંદર | **૬.૫૦%** |
| | (૭) ૫ વર્ષ કે તેથી વધુ પરંતુ ૧૦ વર્ષની અંદર | **૬.૫૦%** |
| ૪ | **રીકરીંગ થાપણ :** (બાંધી મુદત વ્યાજના દર મુજબ ત્રિમાસીક ચક્રવૃધ્ધિ વ્યાજ ) | |
| ૫ | **ત્રિમાસીક રીઈન્વેસ્ટમેન્ટ થાપણ :** (બાંધી મુદત વ્યાજના દર મુજબ ત્રિમાસીક ચક્રવૃધ્ધિ વ્યાજ ) | |

**સ્પેશીયલ ફીડી.-૧,૨ અને લાખેણી ડીપોઝીટ હવેથી બેંકે સ્વીકારવાનું બંધ કરેલ છે, જેથી ઉપરોકત સિવાયની થાપણ જેવી કે, સ્પે. ફીડી-૧, સ્પે.ફીડી.-૨, લાખેણી ડીપોઝીટ વગેરે સ્વિકારવા / રીન્યુ કરવાની રહેતી નથી.**

૨ ...

kab-new\Branches\letter-Int. Rate 2016-17 Paripatra-1

**:: અમલમાં રહેલ વ્યાજના દરમાં વિશેષ સવલત ::**

(૧) **સીનીયર સીટીઝન તથા કોઈપણ નોકરીયાતનાં નિવૃતી વેતનની રકમનાં બાંધી મુદત થાપણ ખાતા :**

સીનીયર સીટીઝન (૬૦ વર્ષથી વધુ ઉંમરની વ્યકિત) ની વ્યકિત તેમજ ૬૦ વર્ષથી ઓછી ઉંમરની કોઈપણ સરકારી / અર્ધ સરકારી કે ખાનગી પેઢીનાં નિવૃત થતા કર્મચારીને મળતા નિવૃતિ વેતનની રકમ (માલિકીનું નિવૃતી વેતન અંગેનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.) આ બેંકમાં બાંધી મુદત સ્કીમમાં મુકવામાં આવશે ત્યારે અમલમાં રહેલ વ્યાજના દર કરતાં **૦.૫૦%** વધુ વ્યાજનો દર ખાસ કિસ્સા તરીકે ચુકવવાનો રહેશે.

(૨) **બેંકના કર્મચારીઓનાં થાપણ ખાતા :**

**બેંકના વર્તમાન કર્મચારીઓ તેમજ ભુતપુર્વ કર્મચારીઓને કર્મચારી તરીકે અથવા સીનીયર સીટીઝનતરીકે બે માંથી એક પ્રકારે લાભ આપી શકાશે.** અને આવા કર્મચારીઓને બાંધી મુદત થાપણમાં મુકેલ થાપણ પોતાની કે પોતાના કુટુંબની હોવાનું ડીકલેરેશન ફોર્મ ભરી આપવાનું રહેશે. અને આ થાપણ રસીદમાં સંયુકત નામમાં કર્મચારીના કુટુંબના સભ્ય સાથે કર્મચારીએ પોતાનું નામ દર્શાવવાનું રહેશે.અને બેંકના વર્તમાન કર્મચારીઓ તથા નિવુત કર્મચારીઓને હાલના થાપણ દર કરતા ૦.૫૦% વધુ વ્યાજ દર ખાસ કિસ્સા તરીકે ચુકવવામાં આવશે.

અગાઉ સ્વીકારેલ થાપણ કે રીન્યુઅલ થાપણ પર કોઈપણ ખાસ સવલત આપેલ હોય તો તે તમામ બંધ કરવામાં આવે છે. પરંતુ ચોકકસ મુદત માટે કોઈ સવલત જેટલા સમય માટે આપેલ હોય તેટલા સમય માટે ચાલુ રહેશે. જેની સબંધીત સર્વે એ નોંધ લેવી.

**બેંકે નકકી કરેલા વ્યાજના દર રીઝર્વ બેંક ઓફ ઈન્ડીયાની સુચના અને નિયમો અનુસાર પૂર્વ નોટીસ વિના ફરેફારને પાત્ર રહેશે.**

મુદત પહેલા બાંધી મુદત થાપણની રકમ નહી ચુકવવાના રીઝર્વ બેંક ઓફ ઈન્ડીયાના માર્ગદર્શનને ધ્યાને લઈ બેંક તેમની વહીવટી અનુકુળતા મુજબ ચોકકસ સમય માટે ખાસ સગવડ આપવા કે બંધ

કરવા નિર્ણય કરી શકશે.

**(કે.એચ.ભટ્ટ)**
**મેનેજર-સી.ઈ.ઓ.**

**સવિનય નકલ રવાના : જાણ માટે**

૧. પ્રતિ, શ્રી ચેરમેનશ્રી, મુખ્ય કચેરી, જુનાગઢ.
૨. પ્રતિ, શ્રી વાઈસ ચેરમેનશ્રી, મુખ્ય કચેરી, જુનાગઢ.
૩. પ્રતિ, શ્રી મેનેજીંગ ડીરેકટરશ્રી, મુખ્ય કચેરી, જુનાગઢ.
૪. પ્રતિ, શ્રી ડીરેકટરશ્રી ........................., મું. : ........................

**નકલ રવાના : જાણ તથા અમલ માટે**

૧. શ્રી ડેપ્યુટી મેનેજર, ............. સેકશન, હે.ઓ., જુનાગઢ.
૨. રેકર્ડ ફાઈલ.

kab-new\Branches\letter-Int. Rate 2016-17 Paripatra-2